શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

# ટપુક

વર્ષ : ૧૨
અંક : ૭

## મહિલા ન્યાય સમિતી

સ્ત્રીઓ પર થતી હિંસાના મુદે કાર્યરત મહીલાઓએ પોતાના વિસ્તારમાં આ પ્રકારના કિસ્સાઓમાં સ્ત્રીઓ સરળતાથી પોતાના પ્રશ્નો રજુ કરી શકે અને તેને આ બાબતે અકળાવનાર પરિસ્થિતીમા યોગ્ય દિશાસૂચન/ન્યાયિક પ્રક્રિયા તરફ જવામાં મદદરુપ થઈ શકે તેવા માળખાઓ અમુક તાલુકા / બ્લોક કક્ષાએ કાર્યરત થયા છે. જને ન્યાય મંચ, નારી અદાલત કે મહિલા ન્યાય સમિતિ એવા નામ અપાયેલ છે. આ પ્રકારના ઈન્ફોર્મલ માળખાઓની રચનાથી તેના પર અન્ય દબાણો ન રહેવાના કારણે તેઓએ આ કાર્યમાં સારી એવી સફળતા પ્રાપ્ત કરી છે.

છેલ્લા પાંચેક વર્ષમાં નમુનારૂપ કામગીરી કરી રહેલા આ માળખાઓમાં પોતાની રીતે સમસ્યાઓના ઉકેલ માટે વિવિધ પધ્ધતિઓ અપનાવાઈ રહી છે તેની રાજય સરકારશ્રી ના લાગુ પડતા વિભાગોએ નોધ લીધી છે.

આ સંગઠનોને જરૂરી શૈક્ષણિક તેમજ આંશિક આર્થિક સહયોગ ગુજરાતની સ્વૈચ્છિક સંસ્થાઓ કરી રહી છે. જેમાં તેમને કાયદાકીય, કાઉન્સેલીંગ અને એડવોકસીની બાબતોમાં સતત માર્ગદર્શન મળતુ રહે છે. તેમ છતા આવા કાર્યરત આ માળખાઓમાં પોતાની રીતે પણ ઘણુ કરી શકાય તેવી બાબતોને લઈ તેઓ પરસ્પર પણ અભ્યાસ કરવાના પ્રસંગો ઉપસ્થિત કરે છે. જુલાઈ ૧૦ દરમ્યાન ભાવનગર, મહુવા તથા રાજુલા મુકામે રચાયેલી મહિલા ન્યાય સમિતિના બહેનો આ કામે ખાસ કરીને કામગીરીની પરસ્પર વહેચવાના / જોડવાના હેતું થી પોતાને પડતી મુશ્કેલીમાં અન્ય ન્યાય સમિતિઓ તેનો કઈ રીતે ઉકેલ શોધે છે તે સમજવા માટે અમરેલી જીલ્લાના ખાંભા મુકામે કાર્યરત મહિલા ન્યાય સમિતીની મુલાકાતે આવ્યા હતા. પીડીત બહેનોના જે કોઈ પ્રશ્ન રજુ થાય છે. તે અગે પ્રશ્નને નોંધવાથી માંડી કાઉન્સેલીંગ, કોર્ટ, પોલીસ કાર્યવાહી સંબધી વિગતોમાં પોતાના અનુભવો કહયા હતા. આ મુલાકાત દરમ્યાન સૌરાષ્ટ્ર કચ્છ નેટવર્ક સાથે સંકળાયેલ સ્વૈચ્છીક સંસ્થાના કાર્યકરો પણ પરામર્શમાં રહયા હતા.

**કોઈના પ્રભાવથી ન મળે એટલું આપણા સ્વભાવથી મળે.**

**ઈશ્વરને પ્રાપ્ત કરવાની ચાવીઃ–**

આ દુનિયામાં પૈસાથી બધુજ મળે છે. પરંતુ પ્રેમ એ એક એવી વસ્તુ છે જે પૈસાથી મળતી નથી પ્રેમ ઈશ્વર છે. ઈશ્વરને પામવા મુશ્કેલ નથી ઈશ્વરતો સદૈવ આપણી નજીક રહે છે. પરંતુ આપણે તેનાથી દુર છીએ. ઈશ્વરતો કણકણમાં સમાયેલ છે. માત્ર તેના અહેસાસ ની જરૂર છે. એક વ્યકતિ નાસ્તીક હતો તે ઈશ્વરને માનતો જ નહી જયારે કોઈ સાધુ સંતને મળતો ત્યરે એકજ પ્રશ્ન પુછતો તમે કહો છો ઈશ્વર કણ–કણમાં છે. તો આ મંદિર શું કામ? ત્યારે એક સંતે ખુબજ સરસ જવાબ આપ્યો હવા બધેજ છે છતાં હવાનો અહેસાસ કરવા આપણને પંખાની જરૂર પડે છે. નાસ્તીક સમજી ગયો.

ઈશ્વર એક અલૌકીક શકિત છે. તેનું ઝેર પણ મીઠું લાગે છે. હરેક માનવીના મનમાં ઈશ્વર છુપાયેલ છે. પરંતુ આપણે મનના તે વિભાગ તરફ જાતા જ નથી. આપણે કર્મો પેલા ફળની આશા રાખી છીએ કર્મ ને મહત્વ નથી આપતા પછી નિષ્ફળતા મળે છે. અને આપણે ઈશ્વરને કોશીએ છીએ. ઈશ્વર કર્મ જોઈને ફળ આપે છે. આપણા કર્મો સારા હશે તો નિશ્ચિત આપણને સારૂ ફળ મળશે. ઈશ્વરે આપણા માટે ખુબ સરસ રચના કરી. પૃથ્વી, પર્વત, વૃક્ષ, નદી, મહાસાગર જેવી અમુલ્ય ભેટ આપી છતા આપણે ઈશ્વરને કહીયે કે તમે અમને શું આપ્યું? કદાચ ઈશ્વરે હવા, પાણી ઓકસીજન ન આપ્યા હોત તો આપણે જીવતા જ ન હોત આપણે ઈશ્વર સામે સ્વાર્થથી જીવીએ છીએ આપણે ઈશ્વરથી ખુબજ દુર ચાલ્યા ગયા છીએ. એટલેજ આપણને એમ લાગે છે કે ઈશ્વરને મેળવા ખુબજ મુશ્કેલ છે. જો આપણે ઈશ્વરનું ધ્યાન ધરીએ તો ઈશ્વર તેના ભકતને જરૂર દર્શન આપે છે.

– શ્રીધર

**પ્રિય વાંચકો,**

ટપક આપ સૌને નિયમિત મોકલી રહયા છીએ તેના ખર્ચને પહોચી વળવા આપ, સહયોગ રાશિ મોકલી શકો છો. ટપકને મોકલવામાં આવનાર આ રકમ ચેક અથવા ડ્રાફ્ટ થી શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનાં નામે મોકલવા વિનંતી છે.

આપની આસપાસ બનતા બનાવો કે જે બીજા લોકો માટે અનુકરણીય હોય તેની વિગતો ટપકને મોકલી શકો છો તેથી અન્ય લોકો તે વિશે માહીતગાર બનશે.

**– ટપક ટીમ**

**આ માસમાં સંસ્થાના શુભેચ્છકશ્રીઓ**

| | |
|---|---|
| થોમસ મેથ્યુઝ | ૮૪૦ |
| અંકીત શાહ | ૮૪૦ |
| આશીષ લાઠ | ૨૫૦ |
| લોગુ ડી | ૩૯૦૦ |
| જસપ્રીત મકકર | ૮૪૦ |

***સફળતા આપણા હાથમાં નથી પણ મહેનત આપણા હાથમાં છે.***

## પેપર રીસાયકલ તાલીમ

નાગરિક સમાજ પોતે પર્યાવરણ સંબંધી જાણકારી રાખી જરુરી ઉપાયો યોજે તે હેતુથી શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રએ પાંચ વર્ષ સુધી અમરેલી શહેરની ૫ શાળાઓ સાથે તેના વાર્ષિક કેલેન્ડર મુજબ દર વર્ષે ધોરણ ૯ ના વિદ્યાર્થીઓ સાથે તેમની તાલીમો અને શાળાકીય પ્રવૃતિઓથી પર્યાવરણ સંબંધી મુદાઓ સમાજમાં પ્રસ્થાપિત કરવાના થયેલ કાર્યને નિરંતર રાખવાની બાબત આ તાલીમ દરમ્યાન કેન્દ્ર સ્થાને રહી હતી.



બંસીધર હાઈસ્કુલ અને સ્વા.માધ્યમિક શાળાના ૧૦ ભાઈઓ, ૧૦ બહેનો કુલ ૨૦ વિદ્યાર્થીઓ પેપર રિસાયકલની તાલીમમાં જોડાયા જેમાં પર્યાવરણની જાળવણી તથા પ્રદુષણ અટકાયતમાં વૃક્ષોને બચાવવા કાગળના ઉપયોગ સંબંધી બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. તાલીમના સમાપનમાં વિજ્ઞાન શિક્ષકશ્રી હરેશભાઈ દેસાઈ તથા આચાર્યશ્રી પ્રવિણભાઈ વસરાએ ખાસ ઉપસ્થિત રહી અગાઉ શાળામાં થયેલ પ્રવૃતિઓથી વિદ્યાર્થીઓને વાકેફ કર્યા હતા અને તેમના હસ્તે તાલીમાર્થી વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા.

**સમાજ પાસેથી મેળવવાની અપેક્ષા કરતા આપવાની ભાવના અંતે વધુ હિતકારી હોય છે.**

**સ્વચ્છતા**

આપણા શરીરને સ્વચ્છ અને આરોગ્યલક્ષી નિરોગી સારૂ રાખવા જન્મથીજ માતા પિતા બાળ કને શુધ્ધ, સ્વાદિષ્ટ અને પૌષ્ટિક ખોરાક આપી તંદુરસ્ત રાખવા જીવન ધોરણ ગોઠવે છે. અતઃ બાળકોનો વિકાસ હેતું સ્વચ્છતા પણ એક અગત્યનું આગવું પગલું છે.

સ્વચ્છતા આપણી રહેણી કહેણીમાં તેમજ આપણી આસપાસના વર્તુળમાં પણ જરૂરી છે પ્રથમ સમજણું થતા બાળકે સ્વયંમ માત– પિતા, વડીલો, ગુરુ પાસેથી શિક્ષા મેળવવાની હોય છે. પુત્ર કે પુત્રી નાની ઉંમરે બહારથી ઘરમાં પ્રવેશે તો પ્રથમ હાથ, પગ, મોં લુછી ધોય પછીજ ભોજનની થાળીને અન્નપૂર્ણા દેવીની પ્રાર્થના પછી અડકવાનું અને ભોજન ધીમે ધીમે ખોરાકને ચાવીને ઉદરસ્થ કરવાનો રહે છે.

તમારો રીડીગ રૂમ અથવા લેશન કરવાનો હેતું ફાળવેલ જગ્યા પણ સાફ કરી, સ્વચ્છ રાખવો જોઈએ. તમારા પહેરવાના વસ્ત્રો પણ સારા હોવા જોઈએ અને ઘરમાં ફળીયું કે ઢાળીયા આસપાસ ગંદકી ન કરવી જાઈએ.

ઘરમાં દિકરીઓના ભાગે જે ઘરકામ આવે તેમાં તેણીએ સ્વચ્છતાના વિચારને અગ્રતા આપી ઘર, રસોડુ, બેઠકરૂમ, ફળીયુ,ટોયલેટ વગેરે ને જતુંનાશક પ્રવાહી સાફ રાખવા જોઈએ જેથી રોગલક્ષી જીવાતો કે મચ્છરોનો ઉપદ્રવ ન થાય સાથો સાથ પોતે પણ નિયમિત સ્નાન કરી સ્વચ્છ રહે તે જરૂરી છે. આજકાલ શહેર હોય કે ગામડુ કઈક અંશે ગંદકી કે રહેવાસીઓની ગોબરાઈ ભરી રહેણી કહેણીને કારણે ભિન્ન ભિન્ન રોગોની ઉત્પતિ વાયરસ મારફતે થાય છે. અનિયમતાને કારણે, રહેવાશીઓની બેદકારી ને કારણે, રોગ ફેલાય છે.

આજે દરેક ઘરના સભ્યનું આરોગ્ય ન કથળે તે માટે સભાન છે. પરતું ગ્રામ્ય જીવન જીવતા શિક્ષિત, અશિક્ષિત કુટુંબો સ્વચ્છતાના હેતુ દુર્લક્ષ સેવે છે. પરિણામે આકસ્મિક ગંભીર માંદગી ને આમંત્રે છે. અને ૧૦૮ સલામતી આરોગ્યલક્ષી વાહનને બોલાવે છે.

વ્યકિતનું આરોગ્ય પ્રતિદિન સારૂ અને સ્વસ્થ રહે તે હેતુંનો સ્વચ્છતા આજના તનાવ ભર્યા જીવન વ્યહવારમાં ખૂબજ જરૂરી છે. અને તે માટે વ્યકિતએ જાતેજ સજાગ રહેવું પડશે.

"સ્વચ્છતા એટલે દરેક વ્યકિતનું રોગમુકત નિરોગી જીવન"

– કનુભાઈ દવે

**ટીમ મીટીંગ**

આ વર્ષના પ્રથમ ત્રિમાસિક ગાળાની કામગીરી તથા ચાલુ માસની કામગીરીની સમિક્ષા માટે તા.૨૬/૭/૧૦ ના રોજ ટીમના સભ્યોની બેઠક યોજાઈ હતી જેમાં એલ.આઈસી, એનઆઈસી, એઆઈસી, ટીએસસી, વીડીપી, વીએચએસસી, સીવીએડબલ્યુ તથા અન્ય તમામ પ્રવૃતિઓ પર ચર્ચા થઈ.

***ધાર્યા કામ સફળ કરવા માટે ધીરજ રાખવી જરૂરી છે.***

## સંપૂર્ણ સ્વચ્છતા

સ્વચ્છતા લક્ષી સવલતો માટે લોકોમાં માંગ ઉભી થાય તે પ્રકારનુ આરોગ્ય વિષયક શિક્ષણ અને લોક જાગૃતિ ઉભી કરવા કેન્દ્રિય ગ્રામિણ સ્વચ્છતા કાર્યક્રમ હેઠળ સંપૂર્ણ સ્વચ્છતા અભિયાન ચાલી રહ્યુ છે.

લોકો દ્રારા સ્વચ્છતાનો વ્યાપક પણે સ્વીકાર થાય અને તમામ વર્ગોમાં આરોગ્યપ્રદ ટેવો અંગેની વર્તણુકમાં ફેરફાર અને પરવડી શકે તેવી જરૂરિયાતોને પહોંચી વળવાનો આ અભિયાનનો અભિગમ છે.

જરૂરિયાતોને સંતોષવા માટે પ્રત્યક્ષ અમલ જેમકે અલગ અલગ કુંટુંબો તેમના કુંટુંબના જાજરૂ માટે વિકલ્પો પસંદ કરી શકે છે. સ્વચ્છતા લક્ષી અન્ય બાબતોમાં પણ ઉભી થયેલી માંગ તે અસરકારક રીતે પરિપૂર્ણ કરવાની તેમા વાત છે. પ્રાથમિક માંગણી દ્વારા ઉપરોકત બાબતો સ્પષ્ટ થાય છે. સ્વૈચ્છિક કાર્યકરોના સહયોગ અને સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ મારફતે ચાલતા આ કાર્યક્રમથી લોકોની આરોગ્યપ્રદ જીવનમાં ઘણો બદલાવ આવી શકયો છે.

સંસ્થાઓ અને તેના કાર્યકરોની સાથે લોકોની મૂખ્ય ભૂમિકા રહી છે. જેમ કે લોકોની સ્વચ્છતા સંબધી બાબતોમાં તેઓ જ અમલવારીની મૂખ્ય ભૂમિકામાં આવા અન્ય સ્તરે ચાલતા પ્રયાસો કરતા તે વધુ કારગત નીવડી શકે છે. આ માટે જરુરી રણનીતિ તૈયાર થઈ છે.

શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રએ આ વર્ષના પ્રારંભથી તાલાલા, વેરાવળ અને સૂત્રાપાડાના ગ્રામ્ય વિસ્તારમાં સંપૂર્ણ સ્વચ્છતા અભિયાન ની કામગીરી શરૂ કરી લોકો સાથે સંવાદ શરૂ કર્યો. ગામના ઉકરડા, રસ્તાઓ, ખાનગી/સાર્વજનિક ખુલ્લી જગ્યામાં ભરાતા ગંદા પાણીના નિકાલ સાથે દરેક ઘરમાં જાજરૂ હોવા ઉપર લોકોમાં સમજ ઉભી કરવા કામગીરી શરૂ કરી છે. જયાં પણ લોકો સહયોગ ન કરતા હોય તેમની સાથે મીટીંગ વ્યકિતગત મુલાકાતો દ્વારા સતત આ બાબતોની માંગ તેમના દ્વારા ઉભી થાય અને ઉભી થયેલી સગવડતાઓની જાળવણી જાતે કરતા થાય તેની દેખરેખ તથા માર્ગદર્શન માટે એક ટીમ રચાઈ છે.

આ ટીમના સભ્યો ગામની મુલાકાત દરમ્યાન સ્વચ્છતા અંગે જેટલી પણ બાબતો ગામની અંદર તેના ધ્યાનમા આવે છે તે લોકો સાથે ચર્ચામા લેશે. લોકોના વિચારો જાણી ગામના આગેવાનો અને સતાતંત્ર સમક્ષ આ બાબતો મુકી તેના શકય ઉકેલો માટે ફરી લોકો સાથે અમલવારીમા તેમની ભૂમિકા અને જવાબદારીઓની ચર્ચા કરશે.

આમ, આરોગ્ય અને સ્વચ્છતાની સમસ્યાના ઉકેલ માટેની તમામ બાબતો લોકો સમજશે અને તેઓ જાતે તેના અમલ માટે સજાગ રહેશે તે પ્રકારે ગતિવિધીઓ ચાલી રહી છે.

***આળસના અસ્ત સાથે પ્રગતિનું પ્રાગટય થાય.***

આકોલવાડી, પ્રાચી, લોઢવા, રમરેચી વગેરે ગામોની મુલાકાત સંસ્થાની ટીમના અન્ય સભ્યોએ તા.૧૧/૭/૨૦૧૦ના લીધી અને ચાલી રહેલી કામગીરીને જાણવા સમજવાનો પ્રયત્ન કર્યો હતો. જેમાં ધીરૂભાઈ, અશોકભાઈ, વિપુલભાઈ, ભરતભાઈ, દયાબેન, પ્રમોદભાઈ વિગેરે કાર્યકરો જોડાયા હતા. મુલાકાત દરમ્યાન ગામના લોકોનો ખુલ્લામાં મળત્યાગ, ઘર વપરાશના ગંદાપાણીનો રસ્તા પર નિકાલ તથા રહેણાંક વિસ્તારને લાગીને આવેલા ઉકરડા વગેરે બાબતોમાં ગામલોકો સાથે ચર્ચા કરી તેમા સારુ શું થઈ શકે તે બાબતે સંમતિ સધાઈ હતી.



ત્યાર બાદ સોમનાથ ખાતે બેઠક કરી જેમાં  રાયસીગભાઈ, રાકેશભાઈ, મહેન્દ્રભાઈ, નારાયણભાઈ, કાનજીભાઈ, પરબતભાઈ વિગેરે સાથીઓ સહભાગી થયા. અમરેલી ખાંભાથી આવેલા સભ્યોએ પોતાની કામગીરીનો પરિચય આપ્યો અને જુનાગઢના આ કામ સાથે જોડાયેલા ઉપસ્થિત સભ્યોએ તેમની કમગીરીની વિગતો રજુ કરી હતી. દરેક ગામમાં લોકો સાથે બેસવાનુ થાય ત્યારે સામાન્ય રીતે એકની એક વાત નહી કરતા બાળકો, મહિલાઓ, ખેતમજુર, ગ્રામ્ય કારીગરો તથા ખેડૂતો વિગેરેના પ્રશ્નો સમજવા અને તેના ઉકેલની દિશામા ચર્ચા હાથ ધરાય તો લોકો હાલની પ્રભાવિત સમસ્યાના નિરાકરણ માટે પહેલ કરશે. જેથી આપણે જે સંદેશ લઈને ગામે જઈએ છીએ તે સફળ થશે.

**ઉત્સાહ વિનાની આવડત નકામી અને આવડત વિનાનો ઉત્સાહ નકામો**

## જુલમી લોકોની સતા જતી રહી

દેહથી હું જુદો છું એ વાત જયાં સુધી આપણા ધ્યાનમાં ઉતરી નથી ત્યાં સુધી જુલમગાર લોકો આપણાં ઉપર જુલમ ગુજારતા રહેશે, આપણને ગુલામ બનાવતા રહેશે, આપણા બેહાલ કરતા રહેશે. એક રાક્ષસ હતો તેણે એક માણસને પકડયો રાક્ષસ તેની પાસે કાયમ કામ કરાવે. માણસ કામ ન કરે તો રાક્ષસ કહે, તને ખાઈ જઈશ, તને ગળી જઈશ શરૂ શરૂમાં માણસને ધાક લાગતો પછી જયારે હદ થવા માંડી ત્યારે તેને કહયું "ખાઈ જા, ખાવો હોય તો એક વાર ખાઈ નાખ" પણ પેલો રાક્ષસ તેને થોડો ખાવાનો હતો તેને તો ગુલામ નોકર જોઈતો હતો. માણસને ખાઈ જાઈ તો તેનુ કામ કોણ કરે ? દર વખતે ખાઈ જવાને ધમકી રાક્ષસ આપતો, પણ જા ખાઈ જા એવો જવાબ મળતાંની સાથે જુલમ અટકી ગયો. જુલમ કરવા વાળા લોકો બરાબર જાણે છે કે આ લોકો દેહને વળગી રહેનાર છે. એમના દેહને કષ્ટ આપીશું એટલેએ દબાઈને ગુલામ થયા વગર રહેવાના નથી. પણ દેહની આ શકિત તમે છોડશો એટલે તાબડતોડ તમે સમ્રાટ બનશો, સ્વતંત્ર થશો. સર્વસામર્થ્ય તમારા હાથમાં આવશે. તમારા પર કોઈની સતા ચાલશે નહી. જુલમ કરનારનો આધાર તુટી જાય છે. 'હું દેહ છુ' એ ભાવના મુળમાં તેમનો આધાર હોય છે. તેમને લાગે છે કે આ લોકોને દેહને દુખ આપીશું એટલે એલોકો આપણા તાબામાં રહેશે. તેથીજ એ લોકો હંમેશા ધાક ધમકીની ભાષા વાપરે છે.

## જીવનનું સાચુ સુખઃ–

જીવન જીવવાની કળા જે હોય તે, પરંતુ એશ આરામ મોજ શોખ કે અન્ય જીવન શૈલી કરતાં તમારા જીવનમાં સેવામય પ્રવૃતિ નવી દિશાઓ ખોલશે, તમારા આંગણે અપૂર્વ ધન્યવાદો, માન સન્માન અને સાચાં સુખ શાંતિ લાવશે. પછી પાછલાં જીવન પર નજર નાંખશો તો સમજાશે કે પહેલાનું જીવન કેટલું બધું શુષ્ક, ખાલીખમ, હેતું વગરનું અને જાણે બોજ વેંઢરતા હોય તેવું હતું. આની પ્રતિતિ થશે ત્યારેજ તમે તમારા નિર્ણયમા ફેરફાર વધારી શકશો. કદાચ કોઈક કારણોસર તમે હજું વહેલી તકે તેમાંથી બહાર નીકળી જઈને જીવનના સાચા સુખ શાંતિ પામવા માટે કમર કસી બીજાનો ખ્યાલ કરવાનું શીખીએ છીએ તો તેથી હદયમાં અનેરો આનંદ થશે ત્યારે જ તમે તમારા નિર્ણયના ફેરફારો વધાવી શકશો. સૌંએ એમના કામમાં મદદરૂપ થતા નોકર ચાકર તરફથી દ્રષ્ટિ બદલાવવી પડશે. દુનિયાની કોઈપણ વ્યકિત તે તમારા સુખ–સગવડનું સાધન નથી એનું પોતાનું જીવન પણ એક પવિત્ર જીવન છે. તેના તરફ આદર રહેવો જોઈએ.જીવનમાં નિયમન અને પરિમિતતા કેળવો.

જીવનમાં જયારે સુખ આવે તયારે છકવુ ન જોઈએ અને દુઃખ આવે ત્યારે ડગવું ના જાઈએ જીવન... સુખ–દુખ તો આવે. દિવસ પછી રાત્રી અને રાત્રી પછી દિવસ. દરિયામાં ભરતી પછી ઓટ પછી ભરતી.. આ ક્રમ છે. જીવનમાં સુખ અને દુઃખ જે આવે તેને હસતા મોઢે સ્વીકારો.

**પહેલા રસ્તા ઓળખો પછી તેના પર ચાલો.**

## વિકલાંગોની આઈ ટી આઈ

સેવાતીર્થમાં વિકલાગો માટે વિવિધ પ્રકારના કૌશલ્ય વિકાસના ટ્રેડમાં હાલ પ્રવેશની કાર્યવાહી ચાલે છે. તેમજ વિકલાંગ વ્યકિતઓ તેમજ રકતપિત ગ્રસ્ત કુટુબના બાળકો માટે વિધાભ્યાસ સહાય આપવામા આવે છે.

**સંપર્ક:**

કલાવતીબેન પટેલ, અશ્વિનભાઈ રાજ, હિનાબેન મુદગલ. સેવાતીર્થ, હાઈવેનં ૮, ધનીયાવી બાયપાસ પાસે, ધનીયાવી રોડ, આર્દશનગર સામે,
તરસાલી, વડોદરા–૩૯૦૦૦૯
ફોન (૦૨૬૫) ૨૯૭૪૧૮૭

### માસ દરમ્યાન થયેલ કામગીરી

| | |
|---|---|
| ૩, | ન્યાય સમિતિની અભ્યાસ મુલાકાતે ભાવનગર, મહુવા, રાજુલાના બહેનો આવ્યા. |
| ૧૧, | TSC ટીમ સાથે ક્ષેત્રની મુલાકાત (તાલાલા, વેરાવળ, સૂત્રાપાડા) અને મીટીંગ–સોમનાથ |
| ૧૫, | એસકેવાવ નેટવર્ક મીટીંગ – રાજકોટ |
| ૧૬, | એસકેવાવ રીવ્યું મીટીંગ – રાજકોટ |
| ૧૮, | પેપર રીસાયકલ તાલીમ – અમરેલી |
| ૨૦, | અ. જી. સ. સં.ની મીટીંગ – અમરેલી |
| ૨૨–૨૪, | એડવોકસી તાલીમ – રાજકોટ |
| ૨૬ | ટીમ મીટીંગ – અમરેલી |

**માહિતી અધિકાર હેલ્પલાઈન : ૯૯૨૪૦૮૫૦૦૦**

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

**Post Reg. No. L2/41/G-AMI-91/2008**
**Valid Upto 31/12/2011**

**RNI No. GUJGUJ/1999/01521**
**Date Of Issue 1st of month**

Book -Post, Printed Matter

SSKK
ટપક કાર્યાલય :
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

**ધ્યેયહીન જીવન સુકાની વિનાની હોડી જેવું છે.**